શ્રીસંતરામ

શતાબ્દી મહોત્સવ—નડીયાદ. સંવત ૧૯૮૭.

તે પ્રસંગે પારાયણમાં ગાવાનાં પદો.

મોક્ષમંદિર—અમદાવાદ.

કીંમત ૦-૧-૦.

યોજક અને પ્રકાશક—ભટ્ટ રામશંકર મોનજી ઠે. મોક્ષમંદિર
અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. નકલ ૪૦૦૦.

મુદ્રક:—દેવીદાસ છગનલાલ પરીખ, ધી ડાયમંડ જ્યુબિલી
પ્રિન્ટીંગ પ્રેસ, સલાપોસ રોડ—અમદાવાદ.

વ્હાલાં હરિજનો !

પ્રભુ કૃપાથી આપણે અહીં મળ્યા. હવે સમયને સફળ કરજો; નહી તો અંજળીમાંથી જેમ પાણી ચાલ્યું જાય; તેમ આ મહોત્સવનો સમય પસાર થઈ જશે. આયુષ્યનું પણ એમજ બાળક હતાં, તે જુવાન થયાં; જુવાન હતાં તે વૃદ્ધ થયાં; અને વૃદ્ધ હતાં તે ચાલતાં થયાં. કરવા જેવું જે હતું, તે રહી ગયું; માટે રસ પીજો અને પાજો—

[નોંધઃ—અમારે ત્યાંથી મોક્ષપત્રિકા નામનું માસીક પ્રગટ થાય છે. આ મહા માસથી બારમું વરસ શરૂ થાય છે. સંવત ૧૯૮૩ થી દશમસ્કંધની ટિકા શરૂ થઇ છે. મુમુક્ષુઓએ આ ટિકા ખાસ વાંચવા જેવી છે. શંકા સમાધાન, પદો અને દ્રષ્ટાંતોથી ટિકા રસમય બની છે. આ નીચેના પદો તે ટિકામાંથી લીધાં છે. પદની સામે બતાવેલો પાનાનો નં દશમસ્કંધની ટિકાના ગ્રંથનો છે.]

મધુસૂદન સરસ્વતી કહે છે કે—

[પાનું ૧૦૭૯] રાગ-શાર્દુલ વિ૦

ध्यानाभ्यासवशीकृतेन मनसा, यन्निष्कलं निष्क्रियम् ।
ज्योतिः किंचन योगिनो यदि परं, पश्यन्ति पश्यन्तु ते ।
अस्माकं तु तदेव लोचनचमत्-काराय भूयाच्चिरम् ।
कालिंदीपुलिनोदरे किमपि यन्-नीलं महो धावति ॥

અર્થ—ધ્યાનના અભ્યાસથી મનને વશ કરીને, કોઈ યોગી, કળા રહિત તથા ક્રિયા રહિત, એવી જ્યોતિને જોતા હોય, તો ભલે જુએ; પણ અમારી આંખ સામે તો, (વૃંદાવનમાં) અનેક લીલાઓ કરનાર, અને કાલિંદીના તટ ઉપર આમતેમ દોડનાર શ્રીકૃષ્ણજ ઘણા કાળ સુધી રહેજો.

[પાનું ૧૮૩] પદ—૨.

કૃષ્ણકથામૃત પી-પી-પી—
પ્રાણી ! હો કૃષ્ણકથામૃત પી !
કૃષ્ણકથામૃત પાન કરીશ તો, [૨]
જમ કરશે તને જી-જી-જી-પ્રાણી હો૦ કૃષ્ણ૦
ધન વનિતાને સ્થિર માને તું, [૨]
કાળ હસે તને ખી-ખી-ખી-પ્રાણી હો૦ કૃષ્ણ૦
હરિ સેવનમાં રાખો મન તું, [૨]
પાપ કર્મથી બી-બી-બી-પ્રાણી હો૦ કૃષ્ણ૦
ગોવર્ધન પ્રભુ ભક્તિ રહિત જે, [૨]
ઇતર કથા તે શી-શી-શી-પ્રાણી હો૦ કૃષ્ણ૦
[ગટુલાલજી]

[પાનુ ૬૪૧]　　　પદ-૨.

કૃષ્ણ તે કામધેનુ દૂજે હમારે, નિત્ય અમૃતરસ પીયેરે;
નિત્ય અમૃતરસ પીયે મહારા વ્હાલા,
નિત્ય અમૃતરસ પીઇએ રે—કૃષ્ણ૦
ખાણુ ખરચ ને ચારો ન માગે,
તેનો દોહનારો દુઃખી નવ થાએરે;
દોહનારો દુઃખી નવ થાય મહારા વ્હાલા!
દોહનારો દુઃખી નવ થાએરે—કૃષ્ણ૦
અરણુ ન આવે અમારા કુળમાં, વાછરૂ મરી નવ જાયેરે;
વાછરૂ મરી નવ જાયે, મહારા વ્હાલા,
વાછરૂ મરી નવ જાએરે—કૃષ્ણ૦
કથા શ્રવણને કીર્તન ઓચ્છવ, નિરખવા નંદદુલારારે;
નિરખવા નંદ દુલારા મારા વ્હાલા!
નિરખવા નંદ દુલારારે—કૃષ્ણ૦
વલ્લભનો સ્વામી પ્રભુ રસીક શીરોમણી, ભવનાં બંધન કાપેરે;
ભવનાં બંધન કાપે મારો વ્હાલો!
ભવનાં બંધન કાપેરે—કૃષ્ણ૦

ગુણકા તરી, પણ આળસુ ન તર્યાં.

[પાનું ૮૨૮] પદ ૩.

વિષય વાત મમ માત તજી, મુને કૃષ્ણ ભજન તું કરવા દે; ટેક.
ધર્મવૃત્તિએ ધરણીધરનું, ધ્યાન હૃદયથી ધરવા દે; વિષય૦
અભિમાનને અલગ કરી, ભંડાર ભક્તિના ભરવા દે,
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર મને તરવા દે—
નાશવંત આ દેહ ધરીને, અક્ષય વરને વરવા દે—વિષય૦

ત્યારે અમે કોણ ?—

અમેરે પંખિડાં પરમ ધામનાં.

[પાનું ૭૯૫] પદ ૪.

સખિ ! અમેરે પંખિડા પરમ ધામનાં,
ઉંચા વ્યોમના વિહારી જો, ઉડતાં એ અલખ પ્રકાશમાં,
પાંખ પ્રેમની પ્રસારી જો—અમેરે૦
સખિ ! છાયા ભૂમિને સ્પર્શે નહીં, ગતિ પરિમીત પારજો;
જન્મ મરણ ના અમ દેશમાં, નહિ પ્યાસ કે અહારજો—અમેરે૦
સખિ ! રસો વૈ બ્રહ્મ જ્યાં પૂરણ ભર્યો, એજ અમ તણો પ્રદેશજો;
ત્યાંથી આવ્યાતા, તત્ર કારણે, કહેવા સત્ય આ સંદેશજો—અમેરે૦

સખિ ! ઉઠીએ અમારા હવે ધામમાં, આપી તમને એંધાણુંજો;
આવો તો ત્યાં ખુશાથી આવજો, પૂછી પૂરણ પીછાણજો–અમેરે૦
સખિ! શૂન્ય શિખર રંગ મહેલમાં, નહીં ટાઢ અગર તાપજો;
રહે છે જ્યાં અમીધર રાજવી, ત્યાંજ આપણો મેળાપજો–અમેરે૦

શ્રીકૃષ્ણના મોહક લટકાં—

[પાનું ૧૦૨૩] પદ ૫.

વારિ વારિરે સુંદિર શ્યામ! તારાં લટકાંને;
બલિહારીરે માખણચોર! તારાં લટકાંને ટેક૦
લટકે વામન રૂપ ધરીને, ઉભા બળીને દ્વારરે;
લટકે ત્રણ ચરણ અવની (જઇ) યાચ્યા, બળી ચાંપ્યો પાતાળ–
તારાં લટકાંને–વારિ૦
લટકે રામનું રૂપ ધરીને, તાતની આજ્ઞા પાળીરે;
લટકે રાવણ રણમાં રોળ્યો, લટકે સીતા વાળીરે–
તારાં લટકાંને–વારિ૦
લટકે ગિરિ ગોવર્ધન તોળ્યો, ને ઇંદ્રનો ગર્વ ઉતાર્યોરે;;
લટકે જળ જુમનામાં પેઠા, લટકે નાથ્યો કાળીરે–
તારાં લટકાંને–વારિ૦

લટકે નંદ યશોદા રીઝ્યાં, અને લટકે રીઝી રાધારે;
લટકે ગોપીઓ ઘેલી કીધી, લટકે રાસ રચાવ્યોરે—
તારાં લટકાંને—વારિ૦
એ લટકાંનો પાર ન આવે, લટકાં લાખ કરોડ જો.
લટકાળો મહેતા નરસીનો સ્વામી, હીંડે જોડાજોડ—
તારાં લટકાંને—વારિ૦

મીરાંને નટવરનો નેડો—

પદ ૬.

લાગ્યોરે મુને નટવરસું નેડો—

(ઉતાવળ ન કરો—ધીમેથી અને પ્રેમથી ઉપાડો.)

લાગ્યોરે મુને નટવરસું નેડો, (૨) હવે મેં તો
—હાં—હવે—રે મેં તો શિર નાંખ્યો છેડો—લાગ્યો રે૦
અંતર થકી વ્હાલાને વરિએ,(૨) દુરજનથી આપણ નવ ડરિએ;(૨)
પગલાં કદિ પાછાં નવ ભરીએ—લાગ્યોરે૦ હવે૦ લાગ્યોરે૦
દુરિજનને કહેવું હશે તે કહેશે,(૨)પાછળથી તે પસ્તાઇ મરશે;(૨)
પ્રભુ તેનું સારૂં સદા કરશે—લાગ્યોરે૦ હવે૦ લાગ્યોરે૦
સુંદિરવર શોભે છે સારો,—(૨) મને લાગે પ્રાણ થકી પ્યારો;(૨)

ઘડીએક—હાં—ઘડીએક—નવ મેલું ન્યારો—લાગ્યોરે૦ હવેરે૦ લાગ્યોરે૦
શોભે વ્હાલો સોનેરી પટકે; (૨) મોહી હું તો મોહનને લટકે; (૨)
એંચ્યું મન આંખ તણે ચટકે—લાગ્યોરે૦ હવેરે૦ લાગ્યોરે૦
કેડે રૂડાં પિતાંબર કસીયા,(૨) મીરાંબાઇના વ્હાલા છો રસીયા;(૨)
આવીને મારા હૃદયકમળ વસીયા, લાગ્યોરે૦ હવેરે૦ લાગ્યોરે૦

રાધાજીની નથડી.

પદ ૭.

નાગર—નંદાજીના લાલ ! (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.
કાના ! જડી હોય તો આલ્ય, કાના ! જડી હોય તો આલ્ય.
રાસ૦ નાગર૦

પીળી પીળી નથડી ને—ધોળાં ધોળાં મોતી (૨)
તે નથડીને કારણે હું—હિંડું ગોકુળ જોતી—જોતી—જોતી
—નાગર૦ કાના૦

એક એક મોતી, માંહી સોના કેરો તાર; (૨)
સોળસે ગોપીમાં, પ્રભુ ! રાખ્યો મારો ભાર—ભાર—ભાર
—નાગર૦ કાના૦

નાનેરી પહેરૂં તો, મારે નાકે નવ સોહાય; (૨)
મોટેરી પહેરૂં તો, મારા મુખપર ઝોલા ખાય—ખાય—ખાય
—નાગર૦ કાના૦

આંબાપર કોયલડી બોલે, વનમાં બોલે મોર; (૨)
રાધાજીની નથડીનો શામળીયો છે ચોર—ચોર—ચોર—નાગર૦ કાના૦
તું છે બેટી બ્રખુભાણની, ગોકુળ ગામમાં રહેતી; (૨)
ત્રણ પૈસાની નથડી માટે, મુજને ચોર—કહેતી—કહેતી—કહેતી
—નાગર૦ કાના૦

તું છે લાલો નંદરાયનો, હું આહીરની છોડી; (૨)
બાઈ મીરાં કહે—ગિરધર નાગર, મારી મતી થોડી—થોડી—થોડી
—નાગર૦ કાના૦

પ્રેમનો સાગર—

[પાનું ૮૭૬] પદ ૮૦

લટકાળા ! મંદિરીએ આવ, લટકે મોહી છઉં;
છોગાળા મંદિરીએ આવ, છોગલે મોહી રહી છઉં—ટેક૦
લટકે આવો ને—લટકે જાઓ, લટકામાં સમજાવો—
વાટલડી જોઇ રહી છઉં—લટકાળા૦
ભાતભાતનાં પકવાન પીરસાવું; હાંરે—તમે જમવા પધારો
રમાનાથ, ગાવલડી દોહી રહી છઉં—લટકાળા૦
જમુના કેરી ઝારી મંગાવું, હાંરે—તમે આચમન કરોને
દીનાનાથ !—મુખડાં લોહી રહી છઉં—લટકાળા૦

લવીંગ સોપારી ને એલચીરે, હાંરે–તમે મુખવાસ લીઓને
    સ્વામીનાથ ! બીડલાં વાળી રહી છઉં—લટકાળા૦
હીરલા કેરા પાસા ઢળાવું, હાંરે–તમે રમવા પધારો દીનાનાથ !
    બાજીઓ ઢાળી રહી છઉં—   લટકાળા૦
ફુલડાં કરી સહેજ બીછાઉં; હાંરે–તમે પોઢણ કરોને
    સ્વામીનાથ ! વાવલીયાં ઢોળી રહી છઉં–લટકાળા૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, હાંરે–હુંતો તમને ભજીને
    થઈ ન્યાલ–ટગમગ જોઈ રહી છઉં—લટકાળા૦

[પાનુ ૪૦૮]   પદ ૯.

અબ તો મેરે સ્યામસુંદિર, દૂસરો ન કોઈ. [૨]
    દૂસરો ન કોઇ રામા–દૂસરો ન કોઈ—અબ તો મેરે૦
માત છોડી તાત છોડી, છોડયા સગા કોઇ;
    સાધુ સંગ બેઠ બેઠ, લોક લાજ ખોઈ— અબ તો૦
સંત દેખ દોડ આઈ, જગત્ દેખ રોઈ;
    પ્રેમ આંસુ ડારડાર, અમરવેલ બોઈ— અબ તો૦
    ×   +   ×   ×
અબ તો બાત ફેલ ગઈ, જાને સબ કોઈ;
    દાસ મીરાં લાલ ગીરધર, હોની હો સો હોઇ–અબ તો૦

કુમારીકાઓ શા માટે ગોર પૂજે છે ?—

[પાનું ૪૨] **ગરબો ૧૦.**

મને કૃષ્ણ જોયાના કોડ, સહિયર ચાલોને;
ઉમિયાજીને લાગું પાય, હરિવર આલોને;

[સૂચના—સાખીના ત્રણ પદ ઉભા રહીને લાંબે સાદે ગાવાં; અને ચોથું પદ પૂરૂં કરતાં તાળી પાડીને, ઠમકતી ચાલે ફરવું.]

સાખી—દેરે દેરે દીવા કરૂં, પૂજું શંકર દેવ;
શામળીયો વર પામવા—રે—હું કરૂં શંભુ તારી શેવ—
સહિયર૦

સાખી—સાસુ મારી યશોમતી, સસરો શ્રી નંદલાલ;
કંથ કર્યો મેં કાનુડોરે—મારી સાસરી છે ગોકુળ
ગામ—સહિયર૦

સાખી—ખાંધે કાળો કામળો, હસ્ત લકડીયા ચાર;
હિંડે—કેવો ફાંકડો—રે, કેવો શોભે છે નંદનો કુમાર—
સહિયર૦

સાખી—મોરલી બજાવે કાનુડો, જુમનાજળ સ્થિર થાય;
પશુ પક્ષી નથી બોલતાંરે—જેની મોરલીથી ભાન
ભૂલાય—સહિયર૦

સાખી-ગોકુળની ગોવાલણી, હિંડે મલપતી ચાલ;
મોહનજી પર મોહી રહી રે-એનું મુખડું છે લાલગુલાલ—
સહિયર૦

સાખી-ગોકુળની ગોવાળણી, લાવે દહીં ને ભાત;
ચોરી ચોરીને ખાય છે રે-કેવો શોભે છે નંદનો
કુમાર—સહિયર૦

સાખી-ગાય શીખે ને સાંભળે, શ્રી રાધાજીનો રાસ;
તે નર વૈકુંઠ પામશે રે-ગુણ ગાય નરસૈયો દાસ—
સહિયર૦

કુમારીઓ ગોર પૂજવા જતાં ગાય છે.

[પાનું ૮૧૩] ગરબી ૧૧.

જુઓ ગોવાળીયે ઘેલાં કીધાં; એણે મારાં ચિતડાં હેરી
હેરી લીધાં—જુઓ ગો૦

રાત દિવસ મુને નિદ્રા ન આવે, કોઈ મારા શ્યામનો
સંદેશો લાવે—જુઓ૦

વિરહની વેદના કોને કહીએ, કૃષ્ણ વિના તો અમે
ઘડી નવ રહીએ—જુઓ૦

નથી મને ગમતો ઘરનો ધંધો, આરે સંસાર છે માયાનો
ફંદો—જુઓ૦
કેસર ચંદન મને શાંતિ ન આપે, એથી તો ઉલટો વિરહ
જ્વર વ્યાપે—જુઓ૦
મને મળ્યા મહેતા નરસીના સ્વામી, ગોપીઓ અંતર
આનંદ પામી—જુઓ૦

વસ્ત્રો હરણ કરીને કદમના વૃક્ષ ઉપર બેઠેલા શ્રીકૃષ્ણને ગોપીકાઓ કહે છે કે—

[પાનુ ૮૧૮] પદ ૧૨.

ડાલી ફૂલી ટેકડી તું જાના દે જાદવા ! તેં મને માયા લગાડીરે—
તેં મને માયા લગાડી મારા વાલમા ! તેં મને માયા
લગાડીરે—ડાલી.
બંસીના નાદમાં ગાયો ઘેલી કરી, ગોપીઓને વિરહે તપાવીરે;
ગોપીઓને વિરહે તપાવી મારા વાલમા ! ગોપીઓને
વિરહે તપાવીરે;—ડાલી.
અમ તમ કારણ વ્રત આચરીએ, પણ વસ્ત્રો લઇને
કાં નાઠારે !
વસ્ત્રો લઇને કાં નાઠા મારા વાલમા—વસ્ત્રો લઇને કાં નાઠારે—
ડાલી ફૂલી.

હેઠા આવો તો તમને હૈયામાં ઘાલીએ, ઉપર ચડયા
કાં બોલોરે!
ઉપર ચડયા કાં બોલો મારા વાલમા—ઉપર ચડયા કાં
બોલો રે—હાલી ફૂલી૦
અમે તમારે શરણે છીએ, પોતાનાંને કાં પીડોરે!
પોતાનાંને કાં પીડો મારા વાલમાં—પોતાનાંને કાં પીડોરે?
હાલી ફૂલી૦

[પાનું ૧૦૧૯ ૧૩
રે—ભાવનો ભોગા રે—હો—વ્હાલો,
નટવર નંદાજીનો લાલો—ભાવનો— નટવર૦ ટેક.
રે—જોગીઓ વનમાં રહે છે જઇને, તેને કારણ તપસ્યા લઇને;
સાધન સાધે—રે—હો—સજની, જપતાં વિતે છે દીન રજની.
તોપણ દૂરને દૂર રહે રસીયો,
એ તો મારા હૃદય કમળમાં વસીયો— ભાવનો૦ નટવર૦
જોગીઓ દુર્લભ રે હો જાણે;
એ તો મારાં સામાં વલોણાં તાણે— ભાવનો૦ નટવર૦
નિગમ નેતિ—નેતિ—કહે છે,
એ તો મારી નજરો આગળ રહે છે— ભાવનો૦ નટવર૦

મુનિયોની નજરે-રે હો નાવે,
એ તો મારે આંગણે દોડયો દોડયો આવે—ભાવનો૦ નટવર૦
બ્રહ્માએ ધ્યાનમાં રે હો ભાળીયા,
એ તો મારી ગાયો તણા ગોવાળીયા— ભાવનો૦ નટવર૦
ધ્યાનમાંથી નાસી રે હો જાય છે,
એ તો મારાં છાનાં ગોરસડાં ખાય છે—ભાવનો૦ નટવર૦
અડસઠ તિરથ રે હો અરણાં, ફરી ફરી થાકયાં કષ્ઠકનાં ચરણાં;
તોએ નજરે રે હો નાવે,
એ તો મારે આંગણે નિત નિત આવે—ભાવનો૦ નટવર૦
હિમાળે હાડને રે હો ગાળે, અગ્નિ તાપે છે ઉન્હાળે;
તો એ દુર્લભ રે હો રસીયો,
એ તો મારા મંદિરીયામાં વસીયો— ભાવનો૦ નટવર૦
રૂમઝુમ રૂમઝુમ રે હો કરતો, આવે મારે આંગણે ફુદડી ફરતો;
વાંસલડી વાય છે રે હો-ઘેલી,
લટકાળો ઋષિરાજનો લ્હેરી. ભાવનો૦ નટવર૦

[પાનું ૮૮૮] અવસાન માટે પ્રાર્થના.

પદ ૧૪.

અમને અંત સમે, અલબેલા ! લેવા આવજોરે—
અમને અંત સમે—ટેક૦
ત્રીકમ નામ તમારૂં પ્યારૂં, પ્રાણ જતાં પણ ન કરૂં ન્યારૂં;
મનહર મંગળ મૂરતિ, મને બતાવજોરે—અમને૦
વિકટ સમય સાચવજો વ્હાલા ! કહું કોટિ કરી કાલાવાલા;
છો તમે દીનદયાળ, દયા દરસાવજોરે—અમને૦
વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વીઠ્ઠલ વહેલા;
પ્રણુતપાળનું પહેલાં પણ, પરખાવજોરે—અમને૦
મરકટ જેવું મન અમારૂં, ત્રીકમ તાન ચૂકાવે તમારૂં;
અંતરનું અંધારૂં, સદા શમાવજોરે—અમને૦
દેજો દર્સન જનમન હારી, કરૂણાસાગર કુંઝવિહારિ;
શીવશંકર બલિહારી, બાપ ! બચાવજોરે—અમને૦

કયારે પરવારશો ?

[પાનું ૧૩૫૫] પદ ૧૫.

કયારે તમે પરવારશો ? આ કાળ તારી કેડે પડયો રે;
દિનદિન ઘણાં ધુંચાસો, આ કાળ તારી કેડે પડયો રે.

દુર્યોધન શિર છત્ર ધરાતું, તોએ તૃષ્ણા નવ તૂટી—આ કા૦
ચૌદ ચોકડીનું રાજ રાવણનું, કાળે નાંખ્યો તેને કૂટી—આ કા૦
એક મળે તો અનેકની આશા, પરણે તો પુત્રની આશા—આ કા૦
પુત્રના પુત્રની વાડી જોવી છે, જોવા છે જુઠા તમાસા—આ કા૦
ગામડાળ્યા ને દેશડાહ્યા થવું છે, ડોળવા છે દુઃખના
દરિયા—આ કા૦
દાસાનુદાસ કહે ગુરૂપ્રતાપે, તમે ભવોભવ ભટકાશો—આ કા૦

મમતાનો ત્યાગ, એજ ત્યાગ—

[પાનું ૧૦૩] પદ ૧૬.

માને છે મારૂં મારૂં રે—જાગીને જોને,
તલભાર નથી કાંઈ તારૂંરે—જાગીને જોને.
માણેક ને મોતી કેરી, દુકાનો જેણે માંડી;
ખિડયા લઈ ફૂટી હાંડીરે—જાગીને જોને૦
સંચરતા હાથી ઘોડા, હજારો જેની સાથે;
તે ચાલ્યા ખાલી હાથેરે—જાગીને જોને૦
ભંડાર ધનના ભરીયા, ભૂપાળે બજવી ભાલા;
તે ચાલ્યા ઠાલામાલારે—જાગીને જોને૦
કીરતીયો જેનાં નાણાં–ની, સંભળાતિ કાને;
તે સુતા જઈ સમશાનેરે—જાગીને જોને૦

સંસાર સઘળો દેખી-ને ડરતો જેની શેહમાંરે;
તે ચોંટયા જઇને ચેહમાંરે—જાગીને જોને૦
ઋષિરાજ કહે રૂદિયામાં, રહેનારો જેથી રીઝે;
કામો તો એવાં કીજેરે—જાગીને જોને૦

[પાનું ૧૩૭]　　　　પદ ૧૭.

હારે-હરિ તમે મારા-ને-હું તમારો.
જાણી પોતાનો મને તારોરે—હરિ તમે૦
મ્હાનું તમારૂં માટે શરણુ-રે-લેજો, અવગુણ નવ જોશો
મારોરે—હરિ તમે૦
કામક્રોધ મારી કેડે પડયાં છે, કુડકપટ મારાં ટાળોરે-હરિ૦
મને તો વ્હાલું, હરિ નામ તમારૂં;
સંસાર લાગે, બધો ખારોરે—હરિ તમે૦
મહેર કરીને મહારાજ પધારો, અંતસમે એક દહાડોરે—હરિ૦
દાસાનુદાસ કહે ગુરૂજી પ્રતાપે,
આવ્યાં કારજ મારાં સારોરે—હરિ તમે૦

આ બાબતમાં શ્રીશંકર કહે છે કે—

सत्यपि भेदापगमे, नाथ तवाऽहं न मामकीनस्त्वम् ।
सामुद्रो हि तरंगः, क्वचन समुद्रो न तारंगः ॥ ३ ॥

[ષટ્પદી.]

હિંદ માટે પ્રાર્થના—

[પાનું ૧૨૦૧] **ગઝલ ૧૮.**

શરણ આવી પડેલાંને, પ્રભુ ! સંભાળશો ક્યારે ?
અમીની આંખડી વાલા ! અમોપર ઢાળશો ક્યારે ?
તમારા ભક્ત અર્જુનને, કુરુક્ષેત્ર દીધેલાં જે;
પ્રભો ! તે આપનાં વચનો, હવે તો પાળશો ક્યારે ?
થતી સદ્‌ધર્મની ગ્લાનિ, છવાતું પાપથી ભારત;
સનાતન ધર્મનું ડિંડિમ, ફરી વગડાવશો ક્યારે ?
परित्राणाय साधूनाम् કહેલું શ્રીમુખે સ્વામિન્ !
ધરી અવતાર કલિયુગમાં, પ્રકટ દર્શાવશો ક્યારે ?
अनन्याश्चितयंतो माम्, વિગેરે ભાવનાં વચનો;
પુનઃ તે યાદ લાવીને, બિરદ બતલાવશો ક્યારે ?
કહ્યુંતું 'સર્વ ધર્મોને, ત્યજી લે-શરણ તું મારું;
બચાવીશ સર્વ પાપોથી,' કહો છોડાવશો ક્યારે ?

સુરક્ષા ગાયની કરવા, સ્વયં ગોપાલ કહેવાયા;
હવે એ ગાયને માટે, સુદર્શન ધારશો ક્યારે ?
ગયા પાતાલમાં વેદો, ગયા યાજક અને યજ્ઞો;
ગયા પર્જન્ય ભુતલથી, કૃપાળો ! લાવશો ક્યારે ?
ગયું તે યોગબલ સાચું, અને અધ્યાત્મવિદ્યા ક્યાં ?
ગયું છે ક્ષાત્રબલ નાશી, પુનઃ પ્રકટાવશો ક્યારે ?
હતી આ સ્વર્ગસમ ભૂમી, તમે અવતાર લેતા જ્યાં;
અરેરે ! એ બિચારીને, પ્રભો ! ઉદ્ધારશો ક્યારે ?
લુંટાતી લાજ ને લક્ષ્મી, સહસ્રાક્ષે નિહાળો છો;
દયાસિંધો ! દયા દીલની, પુનઃ રેલાવશો ક્યારે ? [દીલ]

હું ગાય ચારવા નહીં જાઉં-

[પાનું ૪૭૪] પદ ૧૯

હું નહીં જાઉં રે, ગાવલડી ચારવાને યશોદા માતા !
તમે શું કહો છો ! ગોવાળીયા તો છેડ કરે છે મારી; હું નહીં૦
મને પરભાતે વહેલો ઉઠાડે, મને ટાઢે તે પાણીએ નવરાવે;
મને ઠંડી રોટી ખવરાવે—હું નહીં૦
મને કાળીયો કાળીયો સઉ કહે છે, મને સઉ મળી મહેણાં દે છે;
મને ગાયોની પાછળ દોડાવે—હું નહીં૦

મહા વનમાં વાઘ વરૂ રહે છે, તે દેખી તન મારૂં ધ્રૂજે છે;
મને મોકલવો કેમ સૂજે છે?—હું નહીં૦
ઘેરાં ગંગા ને જુમનાનાં નીર વહે છે,
મોટા મગર અને વળી મચ્છ રહે છે;
તેથી બુડી જવાનો મને ભય રહે છે—હું નહીં૦
મને આંબલી પીપળી રમાડે, મને અદ્ધર આમ તેમ દોડાવે;
ત્યાંથી પડી જાઉં તો મારો પગ ભાંગે—હું નહીં૦
દાસ પ્રીતમનો સુણજો દાવો, રસ પાઓ ને પૂરણ પાઓ;
તમે હરિ ભજીને લ્યો લ્હાવો—હું નહીં૦

યશોદાને ફર્યાદ,

(પાનું ૧૩૩૨) પદ ૨૦

મારી માડી! કાનુડો તારો ચોર છે;
શું કહીએ! જશોદા માડી! કાનાનાં લક્ષણ ભારી;
મારી માડી! કાનુડો તારો ચોર છે. ટેક૦
તમે સુણો જશોદા માડી, હવે વાત કહું વિસ્તારી;
મારી માડી! કાનુડો તારો ચોર છે.
સૌ સખીઓ બેઠી સાથે, આવ્યો ગ્વાલ બાલ સંગાથે—મારી૦

સિંકેથી માટ ઉતાર્યું, મારૂં માખણ ખાવા માંડયું—મારી૦
ગ્વાલ બાલે ગોરસ પીધું, મારૂં ઘર ધૂળધાણી કીધું—મારી૦
એને માખણ લાગે મીઠું, જાણે કોઇ દહાડો નથી દીઠું—મારી૦
એણે ખવાય એટલું ખાધું, બાકીનું ટોળી દીધું—મારી૦
સખી રાધાનો સ્વામી કાળો, શોભે રંગીલો રૂપાળો—મારી૦

શ્રીકૃષ્ણ રાસમાં અંતર્ધ્યાન થતાં—

[પાનું ૧૧૦૭] પદ ૨૧.

અરે હાં—પરમસનેહી ઘનસ્યામલડો,
જાદુગરો ધુતારો, કહ્યુ કર ગયોરે (૨)
કામણગારો ધુતારો, કહ્યુ કર ગયોરે—હાં પરમ૦
દેખ દિવાની છેલ ગુમાની, (૨) મરમાળી મુરતી ઉર ધરી ગયોરે
—હાં પરમ૦
[થવા દ્યો—એકલી તાળી પડવા દ્યો—]
જીવનપ્રાણ સુજાન હમારો, (૨) અંગભુવન ભુવન રસ ભરી
ગયોરે—હાં પરમ૦
કામણગારો છબીલો મતવાલો, (૨) હસી હેત દેખાડી ચિત્ત
હરી ગયોરે—હાં પરમ૦

દાસ દયાનો પરમ સનેહી, (૨) વ્રજનારી મોરારી વશ કરી
ગયોરે—હાં પરમ૦

कृष्णगृहीतमानसाः—શ્રીકૃષ્ણે જેમનાં ચિત્ત ચોરી લીધાં હતાં એવી ગોપીઓ—

નરસી મહેતા ગાય છે—બરાબર ઉપાડજો-

[શ્લો. ૪. પાનું ૧૦૭૫] **ગરબી ૨૨.**

હરિવેણુ વાય છે—રે હો—વનમાં, તેનો વેહ વાધ્યો મારા તનમાં;
ચિતડામાં ચટપટી રે હો લાગી, જીવણુ જોવાને હું જાગી—હરિવેણુ૦
રસિયાજીને રે હો રાગે, વ્યાકુળ કીધાં છે વૈરાગે;
આશા તૃષ્ણા સર્વે તૂટી, જાણે જીવન દોરી ખૂટી—હરિવેણુ૦
ચિત્તડું ચોંટયું રે હો ધ્યાને, કંકણ નેપૂર પહેર્યાં કાને;
સેંથે કાજળ રે હો સાર્યાં, ધાવતાં, બાળકને વિસાર્યાં—હરિવેણુ૦
પ્રીતે પરવશ રે હો કીધાં, કાનુડે ચિત્તડાં ચોરી લીધાં;
રાત શરદની રે હો શોભે, હઈડું હરિ મળવાને લોભે-હરિવેણુ૦
શું કહીએ એ વાતો તમને, અંગમાં આનંદ વાધ્યો અમને;
વાલમ જોવા રે હો વનમાં, **નરસી** આનંદ પામ્યો મનમાં—હરિવેણુ.

ભજન કોને ન ગમે ?

(પાનુ ૧૦૧૦)   પદ ૨૩.

એવો અપરાધિ કોણ છેરે ? જેને ભજન ન ભાવે,
ભક્તિ મૂકીને ભુતળભાર વહે છે,
જેમ ગદ્ધા ઉપર ગુણ છેરે—   જેને ભજન૦ એવો૦
આવા હરિ ગાઈ, જેનાં હૈઈડાં ન હરખ્યાં,
એના ઉજડ આઠે પહોર છે રે—   જેને ભજન૦
આવા હરી જોઈ, જેનાં નયણાં ન ઠરીયાં,
અરે-તેના લોચનમાં રાઈ ને લુણ છેરે—   જેને ભજન
મારૂં મારૂં કરતો, ને મમતામાં મરતો,
જાણ-મરવું તે નિરધાર છે રે—   જેને ભજન૦
પ્રીતમ પ્રભુજીનું ભજન કરી લ્યો,
તે ઠરાવાનો ઠામ છેરે—   જેને ભજન૦

શ્રીકૃષ્ણને આમંત્રણ—

પદ ૨૪.

હળવે હળવે હળવે હરજી ! મારે મંદિરીએ આવોરે;
મોટે મોટે મોટે-રે હું તો, મોતીડે વધાવું રે-હળવે૦
કીધું કીધું કીધું મુજને, કાંઇક કામણ કીધું રે;

લીધું લીધું લીધું મારૂં, ચીતડું ચોરી લીધું રે-હળવે૦
જાગી જાગી જાગી હું તો, હરી મુખ જોવા જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા, ભવની ભાવઠ ભાંગી રે-હળવે૦
ફૂલી ફૂલી ફૂલી હું તો, હરિ મુખ જોવા ફૂલીરે;
ભૂલી ભૂલી ભૂલી હું તો, ઘરનો ધંધો ભૂલીરે-હળવે૦
પામી પામી પામી હું તો, મહા પદવીને પામીરે;
મળીયો મળીયો મળીયો મહેતા, નરસૈયાનો સ્વામી રે-હળવે૦

નેડો તો નટવરનો રાખો—

પદ ૨૫.

તારો નેડો લાગ્યો મુને-રાજા રણછોડ રે;
રાજા રણછોડરે, રંગીલા રણછોડરે—તારો૦
અધમ ઓધારણ નામ તમારૂં, મહાતમ તેનું મોટું રે,
હરતા ફરતા તમને સમરૂં, બાકી સરવે ખોટું રે—તારો૦
કાશી દેખી દેખી દ્વારકા, તીરથ દેખ્યાં ઝાઝાં રે;
સત્સંગતમાં બેઠો ત્યારે, મનડે મૂકી માઝા રે—તારો૦
ભવસાગરમાં દુખ પડ્યો છઉં, સગા સબંધી લૂટે રે;
દાસ કહે જો દયા કરો તો, ભવનાં બંધન તૂટે રે—તારો૦

હરિગુણ ગાવામાં આળસ કાં કરો ?

પદ ૨૬.

હાંરે–હરિના ગુણ ગાઈ લ્યોને ઘડી ઘડીરે;
કાયા કઈ પેર જાશે પડી, વ્હાલાના ગુણ ગાઈ લ્યોને ઘડી ઘડી.
બાપાના ગુણ ગાઈ લ્યોને ઘડી ઘડી— કાયા૦
રાત દિવસ ધંધામાં રજળ્યો, નિંદા કથા મુખ જડી;
જોબનમાં જનમારો ખોયો, તારી મહેનત માથે પડી–હરિ૦
સોનાની ચાંખડીએ ચડતો, ને હિરે ને રત્ને જડી;
વાંકી ફેંટો–કલંગીવાળો, પણ જમડા જાશે જડી;–હરિ૦
પહેરણ પિતાંબર પલંગે પોઢતો, ને ઓઢતો પામરી;
આલોક સુખમાં ઉંઘી રહ્યો તું, તારે માથે પડશે તડી–હરિ૦
નાડી ખેંચાશે અને જીભ ઝલાશે, ત્યારે નિર નહીં ઉતરે નળી;
હજાર વિંછીની વેદના થાશે, જ્યારે સોઈ દીન આવશે ચડી–હરિ૦
મળ્યું ઘણું પણ વાપરી ન શક્યો, ન દાટી બેઠો દળી;
ભોજો ભગત કહે અંતે તેની, થાશે ફજેતી આકરી–હરિ૦

ગોપીકાઓ રાસમાં કૃષ્ણને શોધે છે

[શ્લો. ૩૮ પાનું ૧૧૪૭] પદ ૨૭.

રૂડી શરદ પુનમની રાત તે-શીતળ છાંયડીરે-
મારો વ્હાલોજી રમતાં રાસ, લોડાવે બાંવડીરે-
રાધાને કાન રમેરે-રાધાને કૃષ્ણ રમેરે-ભુલે ભુલામણીરે૦
એની મને કાન દેખાડો, એની મને કૃષ્ણ દેખાડો-આલું
વધામણીરે-ટેક૦

હે કમર કછોટા બીડીયા, પણવટ આકરીરે-
મારો વ્હાલોજી વ્હાતા વેણ, ગોપી બની બ્હાવરીરે-
રાધાને કૃષ્ણ૦ એની મને૦

અમે ગ્યાતાં ગોરપૂજવા, વ્હાલોજી આવતારે;
રાધાજીનો નાથ-મારે મન ભાવતારે-રાધાને કૃષ્ણ૦ એની મને૦
મારો વ્હાલોજી મીઠી દ્રાક્ષ, ગુંજા કેરી સુખડીરે;
વ્હાલાજીનું મુખ જોતાં-ભાંગે ભૂખડીરે-
રાધાને કૃષ્ણ૦ એની મને૦
ગોપી ચાલી સૌ શોધવા, વ્હાલાને દીઠડારે;×
નંદાજીનો લાલ, લાગે મને મીઠડારે-રાધાને કૃષ્ણ૦ એની મને૦

× વ્હાલાનાં પગલાં દીઠાં.

વ્હાલાજીને સ્કંધે, રાધાજી મલપતાંરે;
રાધાજીનો મદ દેખી, મેલ્યાં લટકતાંરે—
રાધાને કૃષ્ણ૦ એની મને૦
સુરના સ્વામી શ્યામળા, તારૂં કામ છે રે--
વ્હાલાજીને મળવા, મુને હામ છેરે–રાધાને કૃષ્ણ૦ એની મને૦

શ્રીકૃષ્ણને અંતર્ધ્યાન થએલા જોઇને, રાધાજી બાવરાં બન્યાં. ભક્તિ અને દ્દઢતાના ઉભરા આવ્યા–

[શ્લો. ૩૮ પાનું ૧૧૪૮] ૨૮

રાગ કસુરી—તાલ ૩.

કૃષ્ણ મિલનકે કાજ, આજ જોગન બન જાઉંગી; (૨) ટેક૦
હાર સિંગાર છોડકર સારે, અંગ વિભુત લગાઉંગી;
સિંગી સેલી પહેર ગલેમેં, અલખ જગાઉંગી-- કૃષ્ણ૦
કાશી મથુરા હરદ્વાર, સબ તિરથ જાઉંગી;
જાય હિમાલય કરૂં તપસ્યા, તનકો સુકાઉંગી-- કૃષ્ણ૦
ઋષિમુનિયોકે આશ્રમ જા કર, ખોજ લગાઉંગી;
અંદર બાહિર સબ જગ ઢુંઢું, નહીં અટકાઉંગી-- કૃષ્ણ૦
નિશદિન ઉસકા ધ્યાન લગાકર, દર્શન પાઉંગી;
બ્રહ્માનંદ કૃષ્ણ ઘેર લાકર, મંગળ ગાઉંગી-- કૃષ્ણ૦

થાળ

લાવે લાવે લટકંતિ વ્રજનારી, કે મેવા લાવે મીઠડારે લોલ.
વ્હાલા મ્હારા ભક્ત તણે ઘેર આવો, કે શીલ સ્વભાવનારે લોલ.
વ્હાલા મ્હારા સંસારમાં એક સાર, કે જેણે હરી દીઠડારે લોલ.
વ્હાલા મ્હારા આવ્યા વીદુરને ઘેર, કે ભાજી ચાખવારે લોલ.
વ્હાલા મ્હારા લાડુને કંસાર, જલેબી ઝુલતીરે લોલ.
વ્હાલા મ્હારા પેંડાને પકવાન, પતાસાં પ્રેમનાંરે લોલ.
વ્હાલા મ્હારા તુલસીના પત્ર ધરાવું, કે ભુખ્યા હરી ભાવનારે લોલ.
વ્હાલા મ્હારા જમનાજીના ભરી ઝારી, કે આચમન લીજીએરેલોલ.
વ્હાલા મ્હારા બીડલે બાસઠ પાન, કે તાંબુલ લીજીએરે લોલ.
વ્હાલા મ્હારા લવીંગ સોપારીને એલચી, મુખવાસ કીજીએરે લોલ.
વ્હાલા મ્હારા હરિજન ભાવથી માગે, કે ભક્તિ દીજીએરે લોલ.

આરતી.

કમળ નયન શ્રીપતિ-પુરૂષોત્તમ પ્યારા (૨) પ્રભુ૦
નટવર નંદ દુલારા (૨) જય જય રઢીઆળા-જય રાધા રમણા૦
જય રાધા રમણા-પ્રભુ જય રાધા રમણા,
કુંજ બિહારી દયાળુ (૨) જય પાતક હરણા—જય રાધા૦ ૧
શસ્ત્રફેણુ રાજુ ત્રીભોવન ત્રીપુરારી (૨) પ્રભુ૦
શ્રીધારી મોરારી (૨) જય મોરલીવાળા—જય રાધા૦ ૨

ગોવરધન તોળ્યો, ગોકુળને તારી (૨) પ્રભુ૦
ઈંદ્રનો ગવ ઉતાર્યો (૨) જય જય ગીરધારી—જય રાધા૦ ૩
શ્રી રણછોડ રાયા, પ્રભુ મોહન વનમાળી (૨) પ્રભુ.
મનમંદીરમાં વસીયા (૨) વસના સુખકારી—જય રાધા૦ ૪

મુખવાસ.

લેતે જાનેરે શામળીઆ—બીડી પાન પાનકી,
બીડી પાન પાનકી, રે–બીડી પાન પાનકી. લેતે૦
કાથો રે ચુનો રામા લવીંગ સોપારી,
બીડી બની હૈ, નાગરપાન પાનકી— લેતે૦
હમ તુમ મીલકર ચોસર ખેલે,
બાજી બની હૈ, દીલો જાન જાનકી— લેતે૦
બિંદ્રાબનકી કુંજગલનમેં,
જોડી બની હૈ રાધે શ્યામ શ્યામકી— લેતે૦
ચંદ્ર સખીરે ભજો બાલાકૃષ્ણકું,
જય બોલોરે-રાધે શ્યામ શ્યામકી— લેતે૦

નોંધ—દશમસ્કંધનાં વિશેષ પદો વાંચવાં હોય, તો શ્રી કૃષ્ણલાલામૃતનો અહીંથી પ્રગટ થએલો ગ્રન્થ વાંચો. કીંમત માત્ર ત્રણ આના.

મોક્ષમંદિરમાંથી પ્રગટ થએલાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો.
